EDII

Navgujarat Samay

May 10, 2016
Page No. 7

# ઈડીઆઈના સમર કેમ્પમાં છ રાજ્યના વિદ્યાર્થીઓ જોડાયા

નવગુજરાત સમય > અમદાવાદ

"અત્યાર સુધી વાલીઓ પોતાના બાળકોને માત્ર ડોક્ટર, સી.એ કે એન્જિનિયર જ બનાવવા માંગતા હતા. પરંતુ એ ખરેખર ખુશીની વાત છે કે હવે માતા-પિતા પોતાના સંતાનને ઉદ્યોગસાહસિક પણ બનાવવા માંગે છે." ઈડીઆઈના પ્રમુખ તથા આઈડીબીઆઈ બેન્કના એમડી તથા સીઈઓ શ્રી કિશોર ખરાતે સમર કેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે તેનો ભાગ બનેલા વિદ્યાર્થીઓનું સંબોધન કરીને બાળકો તથા વાલીઓનો ઉત્સાહ વધાર્યો હતો.



12થી 16 વર્ષના બાળકોમાં ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસે અને તેમનામાં નેતૃત્વ અને નિર્ણય શક્તિની ક્ષમતા ખીલે તે માટે વર્ષ 1994થી આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ખાતે બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે 1 મેથી 6મે દરમિયાન યોજાયેલા બાળકો માટેના સમર કેમ્પમાં છ રાજ્યના કુલ 93 બાળકોએ ભાગ લીધો હતો. 22 જુદા જુદા શહેરોના 63 છોકરાઓ અને 30 છોકરીઓએ ગોલ સેટિંગ અને ટીમ બિલ્ડિંગના પાઠ શીખ્યા હતા.

સમર કેમ્પના છેલ્લા દિવસે પાર્ટિસિપન્ટ્સને સર્ટિફિકેટ આપવાના પ્રસંગે ઈડીઆઈના પ્રમુખ તથા આઈડીબીઆઈ બેન્કના એમ.ડી તથા સીઈઓ શ્રી કિશોર ખરાત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે, "નોકરીની સરખામણીએ ધંધામાં વધુ જોખમ રહેલું છે. હું એ તમામ વાલીઓને અભિનંદન પાઠવું છું કે જે પોતાના સંતાનને માત્ર ડોક્ટર, સીએ કે એન્જિનિયર જ નહિ પરંતુ આન્ત્રપ્રિન્યોર બનાવવા માંગે છે."

ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે રહેલી કારકિર્દીની વિપુલ તકો અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે વિશ્વભરમાં ભારતમાં બિઝનેસની સફળતાનો દર સૌથી ઊંચો છે. જો નીતિમત્તાનું પાલન ન થાય તો બિઝનેસ ખીલતો નથી.